BHAVAN’S COLLEGE,
DAKOR.

B.COM. SEMESTER – V

FINANCIAL MANAGEMENT - I

Paper Code : UB05CCOM22

નાણાકીય સંચાલન

Prof. D. V. Surti

Unit : 2 Sources of Finance

નાણાંના પ્રાપ્તિસ્થાનો

* લાંબા ગાળાના નાણાંના પ્રાપ્તિસ્થાનો :

 ધંધાકીય એકમની સ્થિર મિલકતો જેવી કે જમીન, મકાન, ફર્નિચર વગેરેની ખરીદી માટે લાંબા ગાળાની નાણાંકીય જરૂરિયાત પડે છે. આવી જરૂરિયાત સામાન્ય રીતે એક વર્ષ કરતાં વધુ સમય માટેની હોય છે. આવી જરૂરિયાત મોટેભાગે ઇક્વિટી શેરો, પ્રેફરન્સ શેરો, ડિબેન્ચર્સ અને નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોનો લઈને પૂરી કરવામાં આવતી હોય છે.

* ટૂંકા ગાળાના નાણાંના પ્રાપ્તિસ્થાનો :

 ધંધાકીય એકમના રોજબરોજના ખર્ચાઓ ચૂકવવા માટે પણ મૂડીની જરૂરિયાત પડતી હોય છે. આવી ટૂંકા ગાળાની નાણાંકીય જરૂરિયાતોને કાર્યશીલ મૂડીની જરૂરિયાતો પણ કહેવામાં આવે છે. આવી જરૂરિયાતો મોટેભાગે બાર માસ કે એક વર્ષ માટેની હોય છે. આવી જરૂરિયાતો ચાલુ મિલકતો અને વેપારી બેંકો પાસેથી પૂરી કરવામાં આવે છે.

- લાંબા ગાળાના નાણાંના પ્રાપ્તિસ્થાનો :

- ઓર્ડિનરી શેર કે ઇક્વિટી શેર
- પ્રેફરન્સ શેર (પસંદગીના શેર)
- ડિબેન્ચર (બોન્ડ)

* ## ઓર્ડિનરી શેર કે ઇક્વિટી શેર :

* **અર્થ :**

ધંધાનું સાચું જોખમ ઉઠાવનારા ઓર્ડિનરી કે ઇક્વિટી શેર હોલ્ડરો છે. તેઓ જ ધંધાના સાચા માલિકો છે. તેથી જ તેમને કંપનીની સામાન્ય સભામાં મત આપવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ઇક્વિટી શેરમાં રોકેલા નાણાં એ કાયમી રોકાણ છે અને જ્યાં સુધી કંપનીનું વિસર્જન ના થાય ત્યાં સુધી તેનાં નાણાં શેર હોલ્ડરોને પરત કરવામાં આવતાં નથી.

પ્રેફરન્સ શેર હોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવાય જાય અને અનામત ખાતે રકમ લઇ ગયા પછી વધતાં નફામાંથી ઇક્વિટી શેર હોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે. ઇક્વિટી શેર પર મળતું વળતર ધંધાનું જોખમ જોતાં યોગ્ય લાગે તો જ રોકાણકારો આવા શેર ખરીદે છે.

જો મૂડી બજારમાં તેજી હોય તો રોકાણકારો આવા શેર ખરીદવા તત્પર હોય છે. પરંતુ મંદીના સમયે રોકાણકારો આવા શેર ખરીદવાનું ટાળે છે. આથી રોકાણકારોને આવા શેર ખરીદવા આકર્ષવા માટે સંચાલકોએ વિજ્ઞાપનપત્રમાં કંપનીની સફળતા અને ભાવિ શક્યતાઓને દર્શાવવી પડે છે.

* ઓર્ડિનરી શેર કે ઇક્વિટી શેર (કંપનીની દૃષ્ટિએ) :

* ઇક્વિટી શેરના ફાયદા :

(૧) વળતરના બોજથી મુક્તિ

(૨) કાયમી મૂડી

(૩) બોજમાંથી મુક્તિ

(૪) ધિરાણ યોગ્યતા

(૫) મૂડી ઊભી કરવાની સરળતા

(૬) વિશાળ વહેંચણી

(૭) મજબૂત મૂડીમાળખું

* ઇક્વિટી શેરના ગેરફાયદા :

(૧) સંચાલનમાં દખલ

(૨) ઇક્વિટી પરનો વેપાર

(૩) સંપત્તિનું કેન્દ્રીકરણ

(૪) અતિમૂડીકરણ

(૫) સટ્ટાખોરીને ઉત્તેજન

(૬) વધુ પડતો ખર્ચ

* ઓર્ડિનરી શેર કે ઇક્વિટી શેર (શેર હોલ્ડરોની દૃષ્ટિએ) :

* ઇક્વિટી શેરના ફાયદા :
  (૧) ઊંચું ડિવિડન્ડ
  (૨) સંચાલનમાં ભાગ
  (3) હક્કના શેરનો લાભ
  (૪) અન્ય લાભ

* ઇક્વિટી શેરના ગેરફાયદા :
  (૧) ડિવિડન્ડની અનિશ્ચિતતા
  (૨) મૂડીનું જોખમ
  (3) સંચાલનમ નહિવત અવાજ
  (૪) અન્ય ગેરલાભ

* **<u>પ્રેફરન્સ શેર (પસંદગીના શેર)</u> :**

* **અર્થ :**

  ૧૯૫૬ના કંપનીધારા પ્રમાણે જે શેર પર ડિવિડન્ડ મેળવવાની બાબતમાં પ્રથમ હક આપવામાં આવે છે અને કંપનીનું વિસર્જન થાય ત્યારે મૂડી પરત મેળવવાનો પણ પ્રથમ અધિકાર આપવામાં આવે છે ત્યારે તેને પ્રેફરન્સ શેર કહેવામાં આવે છે. ટૂંકમાં ઇક્વિટી શેરના પ્રમાણમાં પ્રેફરન્સ શેરને આવા ખાસ પ્રકારના હક આપવામાં આવે છે.

  પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડનો દર નક્કી જ હોય છે. પરંતુ આવા શેર પર ડિવિડન્ડ આપવું કે કેમ તેનો આધાર સંચાલકો પર છે. ધંધાના વિકાસ માટે જો નફાની જરૂર હોય તો આવા શેર પર ડિવિડન્ડ આપવું સંચાલકો માટે જરૂરી નથી. જો કે ઇક્વિટી શેર પર ડિવિડન્ડ ચૂકવતા પહેલા પ્રેફરન્સ શેર પર નફામાંથી પ્રથમ ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે.

  સામાન્ય રીતે પ્રેફરન્સ શેર હોલ્ડરોને સંચાલનમાં કે સામાન્ય સભામાં ભાગ લેવાનો અધિકાર આપવામાં આવતો નથી. પરંતુ તેમના હિતને લગતી બાબતો અંગે મત આપવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

* પ્રેફરન્સ શેર (કંપનીની દૃષ્ટિએ) :

* પ્રેફરન્સ શેરના ફાયદા :

(૧) રોકાણકારોને આકર્ષણ

(૨) બોજારૂપ નથી

(૩) ઇક્વિટી પરના વેપારનો લાભ

(૪) ધિરાણમાંથી મુક્ત મિલકતો

(૫) સંચાલનમાં દખલ નહિ

(૬) મૂડી પરત

* પ્રેફરન્સ શેરના ગેરફાયદા :

(૧) ડિવિડન્ડનો બોજ

(૨) કરવેરામાં મુશ્કેલી

* પ્રેફરન્સ શેર (શેર હોલ્ડરોની દૃષ્ટિએ) :

* પ્રેફરન્સ શેરના ફાયદા :

(૧) સલામત રોકાણ

(૨) નિશ્ચિત આવક

(3) વધુ આવક

* પ્રેફરન્સ શેરના ગેરફાયદા :

(૧) મતાધિકાર નહિ

(૨) મૂડી લાભ નહિ

(3) ઓછું વળતર

(૪) અન્ય લાભો નહિ

* ## ડિબેન્ચર (બોન્ડ) :

* **અર્થ :**

જયારે કંપનીને લાંબા ગાળા માટે નાણાંકીય જરૂરિયાત હોય, પરંતુ અમુક વર્ષો પછી તે નાણાં પરત કરી શકે તેમ હોય તો કંપની જાહેર પ્રજા પાસેથી ઉછીના નાણાં લે છે. આ રીતે ઉછીના નાણાં આપનારને કંપની પોતાના દેવાનો સ્વીકાર બદલ ઋણપત્ર આપે છે. જેને ડિબેન્ચર તરીકે ઓળખવામાં આવે છે. ડિબેન્ચરના પ્રમાણપત્રમાં નાણાં પરત કરવાની મુદત, તેની શરતો, વ્યાજનો દર, ગીરો મૂકેલ મિલકતો વગેરેનો ઉલ્લેખ કરવામાં આવેલો હોય છે.

ડિબેન્ચર ધારણ કરનારા કંપનીના માલિકો નથી, પરંતુ તેઓ કંપનીના લેણદારો છે. તેની નિશ્ચિત મુદતને અંતે તેની રકમ પરત કરવામાં આવે છે. ઉપરાંત જ્યાં સુધી પરત ના થાય ત્યાં સુધી તેના પર દર છ મહીને કે વર્ષે વ્યાજ ચુકવવામાં આવે છે. વિદેશોમાં ડિબેન્ચર માટે સામાન્ય રીતે ‘બોન્ડ’ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

* ડિબેન્ચર (કંપનીની દૃષ્ટિએ) :

* ડિબેન્ચરના ફાયદા :

(૧) સંચાલનમાં દખલ નહિ

(૨) ઓછો ખર્ચ

(૩) વધારાના નાણાંનું એકમાત્ર સાધન

(૪) કરવેરામાં રાહત

(૫) નાણાં પરત

(૬) ઓછો વ્યાજનો દર

(૭) ટ્રેડિંગ ઓન ઇક્વિટીના લાભ

* ડિબેન્ચરના ગેરફાયદા :

(૧) ફડચામાં લઇ જવાનું જોખમ

(૨) વ્યાજનો કાયમી બોજ

(૩) શાખપાત્રતામાં ઘટાડો

(૪) અમુક કંપનીઓ માટે મુશ્કેલી

* <u>રોકાણકારો ની દૃષ્ટિએ ડિબેન્ચર</u> :

(૧) આવકની નિશ્ચિતતા

(૨) સલામતી

* ## મધ્યમ ગાળાના નાણાંના પ્રાપ્તિસ્થાનો :

* જાહેર થાપણો :

મધ્યમ ગાળાના સમય માટે નાણાં પ્રાપ્ત કરવાના મહત્વના સાધન તરીકે જાહેર થાપણોને ગણી શકાય. શેર અને ડિબેન્ચર સિવાય નોન બેન્કિંગ કંપનીઓ થાપણ તરીકે કર્મચારીઓ, જાહેર જનતા, ગ્રાહકો, શેર હોલ્ડરો પાસેથી નાણાં મેળવે તેને જાહેર થાપણ કહેવામાં આવે છે. કંપનીઓ પોતાની નાણાંકીય જરૂરિયાતો મુજબ જાહેર જનતા પાસેથી લાંબા ગાળા માટે, મધ્યમ ગાળા માટે અને ટૂંકા ગાળા માટે જાહેર થાપણો દ્વારા નાણાં પ્રાપ્ત કરી શકે છે.

કંપની ઊંચા વ્યાજના દરે જાહેર જનતા પાસેથી નાણાં લેવા આમંત્રણ આપે છે. જાહેર જનતા ડિપોઝીટના સ્વરૂપે કંપનીને પોતાની બચતોને નક્કી કરેલા વ્યાજના દરે નિશ્ચિત સમય માટે જાહેર થાપણના રૂપમાં આપે છે. કંપની નિશ્ચિત મુદત સુધી થાપણદારોને વ્યાજ ચૂકવે છે અને મુદત પૂરી થતાં થાપણની રકમ પરત કરે છે.

* **જાહેર થાપણોના ફાયદા :**

(૧) વ્યાજનો ઓછો દર

(૨) ઓછો ખર્ચ

(૩) આવકવેરામાં બાદ

(૪) વિશાળ પાયા પર મૂડી

(૫) નાણાંકીય આયોજન સરળ

(૬) મિલકતો ગીરો મુક્ત

(૭) વહીવટમાં દખલ નહિ

(૮) પરિવર્તનશીલ

* **જાહેર થાપણોના ગેરફાયદા :**

(૧) થાપણદારો પરત માંગે તો કંપની માટે નુકશાનકારક

(૨) થાપણદારોને સલામતી નહિ

(૩) પૂરતું ભંડોળ પ્રાપ્ત ન પણ થાય

(૪) નવી કંપનીઓ માટે મુશ્કેલી

* **<u>ટૂંકા ગાળાના નાણાંના પ્રાપ્તિસ્થાનો</u> :**

* **<u>વેપારી બેંકો / વાણિજ્ય બેંકો</u> :**

વેપારી બેંકો આધુનિક અર્થતંત્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે. વેપારી બેંકો નફાના હેતુથી થાપણો સ્વીકારે છે અને જરૂરિયાત વાળાને યોગ્ય જામીનગીરીને આધારે ટૂંકા ગાળાની લોન આપે છે. થાપણ મુકનારને બેંક વ્યાજ આપે છે અને ધિરાણ લેનાર પાસેથી વ્યાજ વસુલ કરે છે. વેપારી બેંકો કંપનીને એક વર્ષના ટૂંકા ગાળા માટે નાણાંનું ધિરાણ કરે છે.

વેપારી બેંકો કંપનીઓની જરૂરિયાત પ્રમાણે લોન, કેશ ક્રેડિટ, ઓવરડ્રાફ્ટ વગેરે દ્વારા એક વર્ષ કે તેથી ઓછી મુદત માટે નાણાંનું ધિરાણ કરે છે. ભારત દેશમાં વેપારી બેંકો “બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯” મુજબ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના અંકુશ હેઠળ કાર્ય કરે છે. આમ વેપારી બેંકો કંપનીઓને ધિરાણ પૂરું પાડી તેમના વિકાસમાં સહભાગી બને છે.

* ## <u>વેપારી બેન્કોના કાર્યો</u> :

(૧) સેઈફ ડિપોઝીટ વોલ્ટની સગવડ

(૨) શેર ડિબેન્ચરની બાંયધરીનું કાર્ય

(૩) ક્રેડીટકાર્ડ અને ડેબિટકાર્ડની સગવડ

(૪) ટ્રાવેલર્સ ચેકનું કાર્ય

(૫) ગ્રાહકોને શાખપત્ર આપવા

(૬) ગ્રાહકને શાખ આપવી

(૭) સલાહ સૂચનો આપવા

(૮) વિદેશી ચલણના વિનિમયનું કાર્ય

(૯) ગ્રાહકના એજન્ટ તરીકેનું કાર્ય

(૧૦) મની ટ્રાન્સફરનું કાર્ય

(૧૧) મોબાઈલ બેન્કિંગ

* ## ટૂંકા ગાળાના નાણાંના પ્રાપ્તિસ્થાનો :

* **આંતરિક સાધનો :**

જયારે કંપની પોતાની નાણાંકીય જરૂરિયાત બાહ્ય પ્રાપ્તિ સ્થાનોમાંથી પ્રાપ્ત કરવાને બદલે પોતાની કંપનીમાંથી જ પ્રાપ્ત કરે ત્યારે તેને આંતરિક પ્રાપ્તિ સ્થાનનો ઉપયોગ કર્યો કહેવાય. આવા આંતરિક પ્રાપ્તિ સ્થાનો બે પ્રકારના છે. (અ) નફાનું પુનઃ રોકાણ અને (બ) ગ્રાહકો પાસેથી એડવાન્સ

(અ) નફાનું પુનઃ રોકાણ :

જયારે કંપની લાંબા ગાળાના નાણાં પ્રાપ્તિ સ્થાનોમાંથી નાણાં પ્રાપ્ત કરે છે ત્યારે તેના વળતર સ્વરૂપે વ્યાજ કે ડિવિડન્ડ ચૂકવવું પડે છે. પરંતુ કંપનીને દર વર્ષે થતો નફો બધો જ શેર હોલ્ડરોને ડિવિડન્ડ રૂપે વહેંચી દેવામાં આવતો નથી, પરંતુ તેમાંથી અમુક નફાને ધંધામાં અનામત તરીકે અલગ રાખવામાં આવે છે. આ અનામતનો ધંધામાં મૂડી ભંડોળ તરીકે ઉપયોગ કરવામાં આવે તો તેને નફાનું પુનઃ રોકાણ તરીકે ઓળખવામાં આવે છે.

* **<u>નફાના પુન: રોકાણના ફાયદા</u> :**

(૧) સલામત અને સરળ સાધન

(૨) કાનૂની જોગવાઈઓનું પાલન નહિ

(૩) પરિવર્તનશીલ મૂડી

(૪) પુનઃ રોકાણનો અન્યત્ર ઉપયોગ

(૫) મૂડી માળખું સમતોલ બને

(૬) જામીનગીરી કે વ્યાજનો પ્રશ્ન નહિ

* **<u>નફાના પુન: રોકાણના ગેરફાયદા</u> :**

(૧) શેર હોલ્ડરોના હિતને નુકશાન

(૨) શે. હો. દ્વારા બોનસ શેરની માંગ

(૩) શેરના બજારભાવ પર અસર

(બ) ગ્રાહકો પાસેથી એડવાન્સ :

જયારે કંપની તૈયાર માલનું ગ્રાહકોને ઉધાર વેચાણ કરે છે ત્યારે માલની ડિલીવરી આપતાં પહેલા અમુક ટકા રકમ એડવાન્સ પેટે મેળવે છે. ગ્રાહકો પાસેથી મેળવેલી આવી એડવાન્સ રકમ કંપની માટે ટૂંકા ગાળાની નાણાંની જરૂરિયાત સંતોષવાનું ઉત્તમ પ્રાપ્તિ સ્થાન છે.

આ રીતે ગ્રાહકો પાસેથી લીધેલી એડવાન્સ રકમના બદલામાં કંપનીએ ક્યાં તો વ્યાજ ચૂકવવું પડે છે અથવા વસ્તુના ભાવમાં થોડો ઘટાડો કરી આપવો પડે છે. જો કે જયારે બજારમાં કંપનીની વસ્તુની માંગ વધારે હોય અને તેની સામે તે વસ્તુ ઓછી હોય કે તેનો પુરવઠો પૂરતા પ્રમાણમાં ન હોય ત્યારે જ આ રીતે ગ્રાહકો પાસેથી એડવાન્સ નાણાં મેળવી શકાય છે.

* THANK YOU *